જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન, જૂની કોર્ટ બિલ્ડીંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,સુરત

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail:d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા./સરસ્વતી સાધના/ ૨૦૨૫-૨૬/ 1274 તા:-૧૫/૦૪/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ તેમજ આશ્રમશાળાઓ તરફ

વિષય :- સરસ્વતી સાધના યોજનાની સાયકલ ઉતારવા ન દેવા બાબત .

સવિનય ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯ માં અભ્યાસ કરતી વિકસતી જાતિની વિધાર્થીઓને સાયકલ આપવાની યોજના અમલમાં છે. જે અંગે તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ તેમજ આશ્રમશાળાઓને જણાવવાનું કે વિકસતી જાતિની સાયકલ વર્ષ:-૨૦૨૪-૨૫ અને વર્ષ:-૨૦૨૫-૨૬ આપની શાળામાં માંગણી મુજબની તૈયાર સાયકલો જ ઉતારવી. આપની શાળા કેમ્પસમાં સાયકલો બનાવવી, રાખી મુકવાની વિગેરેની પરવાનગી આપવી નહી.

વધુમાં, જે શાળાઓને વર્ષ:૨૦૨૪-૨૫ની સાયકલની દરખાસ્ત બનાવવાની બાકી હોય તેમને તાત્કાલિક સાયકલ દરખાસ્ત બનાવી અત્રેની કચેરીને દરખાસ્તની નકલ સાથે જરૂરી આધારો સાથે જમા કરાવવાની રહેશે. જેમને કોઇ કારણોસર ઓનલાઇન દરખાસ્ત બનતી નથી તેવી શાળાઓએ ઓફલાઇન દરખાસ્ત બનાવી તાત્કાલિક દિન-૫ માં મોકલી આપવી.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ)સુરત

નકલ રવાના:- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, સુરત તરફ તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને સુચના આપવા સારૂ તેમજ વેબસાઇટ પર મુકવા સારૂ.